# Bi 121 OLD TESTAMENT
## પાઠ-૧ : સૃષ્ટીની ઉત્પત્તિ (ઉત્પત્તિ ૧:૧-૨:૩)

આજનાં અભ્યાસમાં આપણે શીખીશું કે, ઈશ્વર દરેક વસ્તુઓને આપનાર છે તેમાં પણ મુખ્યત્વે જે વસ્તુ સારી છે તે. આ તો ઈશ્વરનું કાર્ય છે જેથી તમે જીવનનો અનુભવ કરો. આ અભ્યાસ આપણને દર્શાવે છે કે, દરેક વસ્તુઓ ઈશ્વરના શબ્દ દવારા અસ્તીત્વમાં આવી. ઈશ્વર શબ્દ બોલ્યા અને તેમ થય.

સમગ્ર સૃષ્ટિ પહેલા ઈશ્વરની હયાતી હતી. તેઓની હાજરી ભુતપૂર્વ હતી અને ભવિષ્ય માં અનંતકાળ સુધી રહેશે. ભુતકાળથી અનંતકાળ સુધી તેઓ જ એક માત્ર ઈશ્વર છે. સૃષ્ટિનું ઉત્પત્તિ વર્ણન જે બાઈબલનું પ્રથમ પુસ્તક છે તે ઈશ્વરની ત્રિએકતા દર્શાવે છે તો પણ તે એક જ છે. ઈશ્વર આત્મા છે. બાઈબલ, ઉત્પત્તિ વર્ણનની શરૂઆતમાં જ દર્શાવે છે કે, ઈશ્વરનો આત્મા પ્રથમથી હાજર હતો. પ્રેરિત યોહાન તેને આ પ્રકારે વર્ણવે છે. "આદિએ શબ્દ હતો, અને શબ્દ દેવની સંઘાતે હતો, અને શબ્દ દેવ હતો. તે જ આદિએ દેવની સંઘાતે હતો. તનાથી સઘળું ઉત્પન્ન થયું; એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ." (યોહાન ૧:૧-૩) આનો અર્થ એ થાય કે, ઈસુ એ સૃષ્ટિનાં કર્તા છે.

ઉત્પત્તિ વર્ણનની આ કથા જેન પૃથ્વીનાં સંદર્ભમાં જ જોવામાં આવે છે સ્વર્ગનાં સંદર્ભમાં નહિ. જે ઈશ્વરનાં કાર્ય અને તેની ઉત્પત્તિના પરિણામને દર્શાવે છે. પૃથ્વીની ઉત્પત્તિ સમયે કોઈપણ વ્યકિતની હાજરી ન હોવાથી ઈશ્વરનાં આત્મા દવારા મુસાને, કે જેણે ઉત્પત્તિનું પુસ્તક લખ્યુ, તેને આપવામાં આવેલા પ્રકટીકરણને ચોકકસ માનવામાં આવે છે.

શરૂઆતમાં ઈશ્વરે આકાશ અને પૃથ્વી બનાવ્યા. પૃથ્વી ત્યારે ખાલી હતી, અને કોઈપણ જીવનનું અસ્તિત્વ ન હતું. વળી પૃથ્વી પર અંધારૂ હતું. જેનાં ઉપર ઈશ્વરનો આત્મા ચાલતો થયો. અને દેવે કહય્ કે, "અજવાળ્ થાઓ" અને સમગ્ર પૃથ્વી ઉપર અજવાળ્ થયુ. અને ઈશ્વરે આ પ્રકાશ જોયો અને કહય્ કે, "તે સારૂં છે."તેમણે અંધારૂ અને અજવાળુ જુદા પાડયા. તેમણે અજવાળાને 'દિવસ' કહયો.

અંધારાને જોઈને તેમણે કહયું હું તને 'રાત' તરીકે ઓળખાવુ છું. આ પ્રમાણે પ્રથમ દિવસે ઈશ્વરે શબ્દથી દિવસ અને રાત્રી બનાવ્યા.

બીજા દિવસે તેમણે પાણી તરફ જોઈને કહય, "તમે છુટ્ટા પડો" અને તાત્કાલીક પાણીનું છુટ્ટા પડવુ શરૂ થય. જેનો અમુક ભાગ આકાશમાં હવામાં રહયો અને બીજો ભાગ પૃથ્વીનાં તટ ઉપર રહયો. અને ઈશ્વરે ઉપરનાં પાણીને જોય્ તેમજ નીચેનાં પાણીને પણ જોયા. ત્યારબાદ તેમણે બંનેની વચ્ચેનાં ખાલી ભાગને જોયો અને કહય, હું તને 'આકાશ' કહુ છું.

ત્રીજા દિવસે તેમણે આકાશની નીચેનાં પાણી તરફ ધ્યાન કેન્દ્રીત કર્યુ અને કહયુ, "તમે એક સ્થળે ભેગા થઈને તળાવો, નદીઓ તથા દરિયાની રચના કરો અને સૂકી ભૂમિ દૃશ્યમાન થવા દો."પૃથ્વી પર નદીઓ વહી, જેણે પર્વતો અને ખાડીની રચના કરી. તળાવો અને દરિયો આપણે ઘણી જગ્યાએ જોઈએ છીએ. દેવે સૂકી ભૂમિ તથા દરિયા તરફ નજર કરી અને કહય્ કે "તે સારૂં છે."

ત્યાર પછી તેમણે ભૂમિને આજ્ઞા કરી કે, "તમારામાં લીલોતરી ઉગાવો." ભૂમિ પર ઘાસ, શાકભાજી, દવાઓ અને વૃક્ષો ઉત્પન્ન થયા, અને તેમાં બીજ હતા કે જેથી જીવન સતત ચાલ્યુ આવે. તાત્કાલીક સમગ્ર પૃથ્વી ઉપર છોડવાઓ ઉગવા લાગ્યા. પૃથ્વી પર ઘાસ, ફુલો તથા શાકભાજી હતા. જુદા જુદા પ્રકારનાં વૃક્ષો પણ ઉગ્યા. કેટલાક લાંબા તો કેટલાક ટૂંકા. વૃક્ષોએ અલગ અલગ જાતનાં ફળો ઉપજાવ્યા.દરેક વૃક્ષોમાં બીજ હતા કે જેથી તેમની ઉત્પત્તિનાં સમયથી સતત જીવન ચાલ્યુ આવે. આ પ્રમાણે ઈશ્વરે ત્રીજા દિવસે સૂકી ભૂમિ, છોડવાઓ, વૃક્ષોની રચના કરી.

ચોથા દિવસે ઈશ્વરે આકાશ તરફ દૃષ્ટિ કરી અને કહયુ, "અજવાળુ થાઓ" અને મોટી જયોતિને તેમણે દિવસ પર અધિકાર આપ્યો. જયારે નાની જયોતિને રાત્રી પર અમલ કરવા આજ્ઞા કરી. આથી રાત ને દહાડો જુદાં કરવા આકાશના અંતરિક્ષમાં જયોતિઓ થઈ અને તેઓ ચિહનો તથા ૠતુઓ તથા દિવસો તથા વર્ષોને માટે છે. આથી સુર્યએ આકાશમાં દેખા દીધી, જેથી પૃથ્વીન પ્રકાશ અને ગરમી મળે છે. જયારે રાત્રીનાં સમયે ચંદ્ર તથા તારાઓ રાત્રીને સુંદર બનાવે છે. ઈશ્વરે સુર્ય, ચંદ્રઅન તારાઓ જોયા અને કહયુ "તે સારૂં છે."

પાંચમાં દિવસે ઈશ્વરે આકાશ, ઝરણાઓ, તળાવો અને દરિયા તરફ જોતા કહયુ કે, "તમારામાં જીવન ઉત્પન્ન થાઓ. આકાશમાં પક્ષીઓ ઉડો અને માછલાઓતથા સમુદ્રી જીવો પ ાણીમાં ઉપજાવો." અને તાત્કાલિક સમુદ્રમાં જીવન ઉત્પન્ન થય્ તેઓ તળાવો અને નદીઓમાં પણ જોવા મળ્યા. કેટલાએક મોટા તો કેટલાએક નાના.માછલીઓ પણ અલગ અલગ માપની, આકારની અને રંગોની જોવામાં આવી. આકાશમાં પક્ષીઓ ઉડયા. કેટલાક વધુ ઉંચે સુધી ઉડી શકતા તો કેટલાક જમીનનાં સ્તર પર ઉડતા. તેમના પણ જુદા આકારો, રંગ અને અવાજ જોવા મળ્યા. ઈશ્વરે પક્ષીઓ અને સમુદ્રી જીવોને જોયા અને કહયું "તે સારૂં છે". તેમણે તેને આશીર્વાદ આપ્યો અને કહયું, "તમે પુષ્કળ વધો અને સમુદ્ર તથા આકાશને ભરી દો."

છઠ્ઠા દિવસે તેમણે પૃથ્વા ઉપર દૃષ્ટિ કરી અને કહયું, "તમારામાં જીવ ઉત્પન્ન થાઓ." તાત્કાલિક કેટલાએક પાળલા તો કેટલાક જંગલી પ્રાણીઓ પૃથ્વી પર ફરતા થયા. કેટલાએક મોટા તો કેટલાક સુક્ષ્મ. ઈશ્વરે તેમની તરફ જોયું અને કહયું કે "તે સારૂં છે."

અને ઈશ્વરે કહયું, "આવો આપણે માણસો બનાવીએ જેથા તેઓ આપણાં દિકરાઓ

તરીકે રહે. આપણે તેમને આપણા જેવા જ બનાવીએ કે જેથી તેઓ સમુદ્રી જીવો ઉપર, આકાશનાં પક્ષીઓ ઉપર તેમજ પ્રાણીઓ ઉપર અધિકાર ચલાવે.આથી ઈશ્વરે પુરૂષ અને સ્ત્રી બનાવ્યા, અને તેમને કહય, કે, "તમે પુષ્કળ વધો અને પૃથ્વીને લોકોથી ઢાંકી દો." અને તેમણે બ નાવેલી સર્વ રચનાઓ ઉપર તેમને અધિકાર આપ્યો. ઈશ્વરે તેમને ફળો, શાકભાજી, લાલોતરી અને ધાન્ય ખાવા માટે આપ્યા. જયારે ઈશ્વરે તેમના રચનાને જોઈ ત્યારે તેમણે કહયું કે "તે ખુબ ખુબ સારૂં છે."

સાતમા દિવસે તેમણે જે કર્યુ હતુ, તે કાર્યથી અલગ રહીને આરામ કર્યો. તમણેસાતમા દિવસને આશીર્વાદ આપ્યો અને ખાસ બનાવ્યો. આ પ્રમાણે ઈશ્વરે આકાશ તથા પૃથ્વી તથા તેમાંનું જીવન બનાવ્યા.

આ કથાનક એટલા માટે મહત્વનું છે કે, જે દર્શાવે છે કે – ઈશ્વર, તે સમગ્ર સૃષ્ટિનાં કર્તા છે. તેમણે પૃથ્વીને પહેલા બનાવી જયારે પૃથ્વી પર અંધારૂ હતુ, જીવન ન હતુ અને અસ્તવ્યસ્ત તા હતી. ત્યારે તેમણે શબ્દથી અજવાળુ પ્રગટાવ્ય અને પૃથ્વીન સુવ્યવસ્થિત કરી. છેલ્લે તેમણે મ ાણસને બનાવ્યો. તેમણે માણસને પોતાનાં સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે બનાવ્યા કે જેથી

માણસ ઈશ્વરનાં બાળકો તરીકે સ્વર્ગનાં પિતાની સાથેનાં સંબંધોનો અનુભવ કરે. આ સર્વ તેમણે પોતાનાં મહાન પ્રેમમાં કર્યુ.

આ અભ્યાસ આપણને એ સચ્ચાઈ શીખવે છે કે, ઈશ્વરે પોતાનાં દિકરાઓને રહેવા માટે સુંદર જગ્યા બનાવી હતી, કે જેથી માણસો તેમની તરફ દ્રષ્ટિ કરે અને તેઓની જરૂરત અને ઈચ્છાઓ પ્રમાણે ઈશ્વર પાસેથી તે પ્રાપ્ત કરે.

આવો આપણે અભ્યાસનું પુનરાવર્તન કરતા આ પ્રશ્નોનાં જવાબો આપીએ.

પ્ર.૧ ઈશ્વરે પોતાનાં કયા કાર્ય થકી સૃષ્ટી તથા તેની રચનાઓ બનાવ્યા.

(જ) (૮ સેકંડ સુધી વિચારો. ) જો તમે કહો છો કે – "ઈશ્વરે શબ્દ કહયો અને પૃથ્વીની રચના થઈ"– તો તમે સાચા છો.

પ્ર.૨ શા માટે સાતમો દિવસ એ સૃષ્ટિ રચનાનો ખાસ દિવસ છે ?

(જ) (૮ સેકંડ સુધી વિચારો) જો તમે કહો છો કે, – "૭મા દિવસે ઈશ્વરે પોતાનાં કાર્યથી વિસામો લીધો માટે"– તો તમે સાચા છો.

પ્ર.૩ સંપૂર્ણ સૃષ્ટિ બનાવ્યા પછી ઈશ્વરને કેવી અનુભૂતિ થઈ ?

(જ) (૮ સેકંડ સુધી વિચારો) જો તમે કહો છો કે, "ઈશ્વરે કહયું કે તે ખુબ ખુબ સુંદર છે"– તો તમે સાચા છો.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો. તે તમારૂ ગૃહકાર્ય છે. જયારે તમે સાંભળો છો ત્યારે કલ્પના સૃષ્ટિમાં વિચારો કે પૃથ્વીને કેવી રીતે રચવામાં આવી ? તમારા મનથી દરેક

પ્રસંગો વિચારો. ત્યાર બાદ જે તમને યાદ રહય, તે તમારા શબ્દોમાં વર્ણવો, જેથી તમ ઈશ્વરની રચનાના એક એક દિવસને યાદ રાખતા શીખી શકશો. જેમકે, પ્રથમ અને ચોથો દિવસ, તે પ્રકાશ અને અંધારા બાબતે છે. જયારે બીજો અને પાંચમો દિવસ પાણીનાં છુટ્ટા પડાવા વિશે અને તેમાં ઉત્પન્ન કરવામાં આવેલી રચના વિશે છે. જયારે ત્રીજો અને છઠ્ઠો દિવસ પૃથ્વી અને તેમાંની રચના બાબતે છે. સાતમા દિવસે ઈશ્વરે આરામ કર્યો.

જયાં સુધી તમે આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો નહિ ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકો માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોન પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.

છેલ્લે જેઓએ આ સાંભળ્યુ નથી તેઓને આ કહો. કદાચ તે વ્યકિત પોતાનાં જીવનમાં અંધારૂ અથવા વ્યથિતતા અનુભવતી હશે તો તેઓને આ શુભ સમાચાર આપો કે ઈશ્વર તમારા જીવનોમાં શાંતિ તથા પ્રકાશ આપશે.